Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૯ (ચાલુ) વીર સં. ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૦ માગશર

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

## પદ

લે. પ. પૂ. આનન્દઘનજી મ. સા

તજ મન કુમતા કુટિલકો સંગ
જાકી સંગ તેં કુબુદ્ધિ ઉપજત હૈં
પડત ભજનમેં ભંગ (તજ) ॥ ૧.

કૌવેંકુ ક્યા કપુર ચુગાવત,
શ્વાન હો ન્હાવત ગંગ !
ખરકું કીનો અરગજા લેપન,
મર્કટ આભુષણ અંગ (તજ) ॥ ૨.

કહા ભયો પયપાન પિલાવત,
વિષહુ ન તજત ભુજંગ ।
આનન્દઘન પ્રભુ કાલી કાંબલિયા,
ચઢત ન દુજો રંગ (તજ) ॥ ૩.

[ અનુસંધાન ટાઈટલ પેજ ૨ પર ]

પુસ્તક : ૮૧ ] ડીસેમ્બર : ૧૯૮૩ [ અંક : ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પુષ્ટ |
|---|---|---|---|
| ૧. | વહ અંતર્દિપ જલાઓ | | ૨૦ |
| ૨. | આરામ શોભા | પ. પૂ. આ. શ્રી વિજયનયપ્રભસૂરિજી મ. સા. | ૨૧ |
| ૩. | દુઃખનું મુળ આસકિત | પં. શ્રી ભદ્રગુપ્તવિજયજી ગણીવર | ૨૫ |
| ૪. | પાપ તારૂં પરકાશ ભાઈ | પં. શ્રી ભદ્રગુપ્તવિજયજી ગણીવર | ૨૭ |
| ૫. | માનવંતા પેટ્રન સાહેબોની નામાવલી | | ૨૯ |



તા. ૨૭-૨-૧૯૮૩ના રોજ મળેલ શ્રી જૈન આત્માનંદ સભાની સામાન્ય સભામાં નીચે જણાવેલ પ્રમાણે હોદ્દેદારોની અને વ્યવસ્થાપક સમિતિના સભ્યોની સર્વાનુમતે નીમણુંક થયેલ છે.

| | |
|---|---|
| ૧. શ્રી હીરાલાલ ભાણજીભાઈ શાહ | પ્રમુખશ્રી |
| ૨. શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત | ઉપપ્રમુખ |
| ૩. શ્રી રાયચંદ મગનલાલ શાહ | " |
| ૪. શ્રી અમૃતલાલ રતીલાલ ભગતભાઈ | મંત્રીશ્રી |
| ૫. શ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળા | ,, |
| ૬. શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ | " |
| ૭. શ્રી ચીમનલાલ વર્ધમાન શાહ | ખજાનચી |
| ૮, શ્રી નગીનદાસ હરજીવનદાસ શાહ | સભ્યશ્રી |
| ૯. શ્રી ખીમચંદ ફુલચંદ શાહ | ,, |
| ૧૦. શ્રી મોહનલાલ જગજીવનદાસ સલોત | ,, |
| ૧૧ શ્રી કાન્તીલાલ જગજીવનદાસ દોશી | ,, |
| ૧૨. શ્રી કાન્તીલાલ રતીલાલ સલોત | ,, |
| ૧૩. શ્રી કાન્તીલાલ હેમરાજ વાંકાણી | ,, |
| ૧૪. શ્રી ભુપતરાય નાથાલાલ શાહ | ,, |
| ૧૫. શ્રી મણીલાલ ફુલચંદ શાહ | ,, |
| ૧૬. શ્રી પ્રતાપરાય અનોપચંદ મહેતા | ,, |
| ૧૭. શ્રી મનસુખલાલ ગુલાબચંદ શાહ | ,, |

[નીચે ટાઇટલ પેલાનું ચાલુ]

**ભાવાર્થ** :— આત્માને નહિ માનનાર, કુમતિ, કુટિલ જનોની સંગતિનો ત્યાગ કરવા હિતશિક્ષા જણાવી છે કુટિલ જનોની સોબતથી બાલજીવો, પ્રભુના ધર્મથી ભ્રષ્ટ થાય છે. બુદ્ધિ બગડે છે. ઉપર્યુકત વાત પુરી સમજાવવા માટે, પૂ. આનન્દઘનજી મહારાજ સાહેબ સચોટ દૃષ્ટાંત આપે છે. કાગડાને કપુર ચણરૂપે આપીએ, કુતરાને ગંગામાં નવરાવીએ તો પણ તેમના રંગમાં ફેર પડતો નથી. સર્પને દુધનું પાન કરાવવામાં આવે તો પણ તે ઝેરને ત્યજે નહિ.

સંત જનોના ઉપદેશથી કુટિલજનોના મનમાં અસર થતી નથી.

નાસ્તિક બુદ્ધિથી, કાળી કાંબળીની પેઠે જેના હૃદય પાપકર્મથી લેપાયા છે. તેના હૃદય ઉપર ધર્મનો શ્વેત રંગ ચઢી શકતો નથી. કુતર્કવાળી કુમતિથી, તેની પાસે બેસનારને ખરાબ અસર થાયછે.

નાસ્તિક મનુષ્યોથી અધ્યાત્મ જ્ઞાનીએ દૂર રહેવું જોઈએ. યોગીઓએ પોતાનામાં યોગ્ય ગુણો પ્રગટાવવા હર હંમેશ પ્રયત્ન કરવાના. યોગ્ય ગુણોના અભાવે ધ્યાનની ધારા વહેતી નથી. અને અધ્યાત્મ રસનો સ્વાદ અનુભવાતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂજ્યપાદ સંઘસ્થવિર આચાર્યદેવશ્રી **સિદ્ધિસૂરિશ્વરજી** મહારાજ (બાપજી મહારાજ ના પટ્ટાલંકાર પૂજ્યપાદ આચાર્યશ્રી **વિજય મેઘસૂરિશ્વરજી** મહારાજના શિષ્ય પૂજ્યપાદ મુનિરાજ ગુરુદેવશ્રી **ભુવનવિજયજી** મહારાજના શિષ્ય પૂજ્ય મુનિરાજશ્રી જંબુ-વિજયજી મહારાજના પ્રથમ શિષ્ય વયોવૃદ્ધ આત્મરમણતાનિમગ્ન ભદ્રપરિણામી

પરમ ગુરૂભકત દેવતુલ્ય



પૂજ્યમુનિરાજશ્રી દેવભદ્રવિજયજી મહારાજ

જન્મ : વિક્રમ સંવત ૧૯૫૧, અષાડ સુદિ ૧૪, ઓડ ( ડાકોર પાસે )

દીક્ષા : વિક્રમ સંવત ૨૯૩૫, શ્રાવણ સુદિ ત્રીજ શ્રી શંખેશ્વરજી મહાતીર્થ

સ્વર્ગવાસ : વિ. સં. ૨૦૪૦, કાર્તિકસુદિ બીજ, લોલાડા (શ્રી શંખેશ્વરજી તીર્થ પાસે)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી શાન્તિનાથાય નમઃ ॥
આચાર્ય ભગવત્ શ્રીમદ્વિજય સિદ્ધસૂરીશ્વરપાદપદ્મેભ્યો નમઃ ॥
આચાર્યદેવ શ્રીમદ્ વિજય મેઘસૂરીશ્વરપાદપદ્મેભ્યો નમઃ ॥
સદ્ગુરૂદેવ મુનિરાજ શ્રી ભુવનવિજયજીપાદપદ્મેભ્યો નમઃ ॥

લોલાડા ( તા. સમી )
( જિલ્લો : મહેસાણા )
વિક્રમ સંવત ૨૦૪૦, જ્ઞાનપંચમી
તા. ૯-૧૧-૮૩

# લિ. પૂજયપાદ ગુરૂદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી મુનિ જંબૂવિજયજી તરફથી

શ્રી જૈન આત્માનંદ સભા યોગ, ધર્મલાભ પૂર્વક જણાવવાનું જે મારા અત્યંત પ્રીતિપાત્ર, **પરમવિનયી પરમગુરૂભક્ત, પ્રથમશિષ્ય,** વયોવૃદ્ધ, દેવ જેવા મુનિરાજશ્રી **દેવભદ્રવિજયજીનો** સં. ૨૦૪૦ના કાર્તિક સુદિ ૨ રવિવાર તા. ૬-૧૧-૮૩ના રોજ સાંજે છ વાગે અહીં લોલાડા ગામે અમારા મુખેથી શ્રી **નમસ્કારમહામંત્રનું** શ્રવણ કરતાં કરતાં સમાધિપૂર્વક મારા ખોળામાં માથું મુકીને લગભગ ૨૫ વર્ષનું ઉત્તમ સંયમ જીવન આરાધીને ૮૯ વર્ષના ઉમરે સ્વર્ગવાસ થયો છે.

મુનિરાજશ્રી **દેવભદ્રવિજયજીનું** મૂળનામ દલસુખભાઈ મહીજીભાઇહતું. તેમનો જન્મ **ડાકોરની** પાસે **ઓડ** ગામમાં વિક્રમ સંવત ૧૯૫૧ના અષાડ સુદિ ચૌદસને દિવસે થયો હતો. કુટુંબમાં ધર્મસંસ્કારો પહેલેથીજ હતા તેમનું કેટલુંક શિક્ષણ સુરતમાં રત્નસાગરજી બોર્ડીંગમાં થયું હતું. તે પછી કોલેજનું શિક્ષણ મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈમાં થયું હતું. અને ગુજરાત વિદ્યાપીઠમાં પરીક્ષા આપીને તેઓ બી. એ. ( સ્નાતક ગ્રેજ્યુએટ ) થયા હતા.

તેઓ શ્રી ગાંધીજીની દોરવણી નીચે ચાલતા અસહકારના આંદોલનમાં જોડાઈને થોડો સમય જેલમાં પણ ગયા હતા. ત પછી વ્યાપાર માટે બર્મા ગયા હતા. ત્યાં રંગુન તથા પીમનામાં વીસેક વર્ષ રહીને ઝવેરાતનો વ્યાપાર કરેલો હતો. વ્યાપારમાં પણ તેમની સચ્ચાઈ, એક જ ભાવ, તથા નીતિમત્તા બહુ જ ઉચ્ચકોટિનાં હતાં. ત્યાં પણ પૂજા-પ્રતિક્રમણ આદિ ધર્મ આરાધના તથા પરોપકારનાં કાર્યો સુંદર અને અચૂકરીતે કરતા હતા. તે પછી જાપાનના યુદ્ધને કારણે બર્માથી ભારતમાં કુટુંબ સાથે તેમને આવવું પડેલું હતું એજ સમયે સં. ૧૯૯૮ના ઉનાળામાં મારા પૂજયપાદ અનંત ઉપકારી ગુરૂદેવ તથા પિતાશ્રી મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ તથા હું બોરસદમાં ૧ માસ રહ્યા હતા. અને મુનિશ્રી **દેવભદ્રવિજયજી** પણ બોરસદમાં તેમનું સાસરૂં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોવાથી ઓરસદમાં આવીને રહેલા હતા. મારા પૂજ્ય ગુરૂદેવના સમાગમમાં તેઓ હમેશાં આવતા અને કલાકો સુધી વાતો કરતા હતા. મારા પૂજ્ય ગુરૂદેવ ઉપર એવી અદ્‌ભુત સુંદર છાપ પડી હતી કે આવો પ્રામાણિક માણસ મેં જીંદગીમાં જોયો નથી. તે પછી સં. ૧૯૯૯ તથા સં. ૨૦૧૧માં પાદરા તથા પાલિતાણામાં પણ મારા પૂજ્ય ગુરૂદેવના સમાગમાં તેઓ સારી રીતે આવ્યા હતા. શ્રી સમેતશિખરજી તીર્થની પેઢીમાં મુખ્ય મેનેજર તરીકે પણ કેટલોક વખત તેમણે કામગીરી બજાવી હતી. થાણા પાસે મુરબાડ ગામમાં ધાર્મિક શિક્ષક તરીકે પણ કેટલોક સમય તેઓ રહ્યા હતા.

તે પછી વિક્રમ સંવત ૨૦૧૫માં પોષ વદિમાં અમે વિહાર કરીને શ્રી શંખેશ્વરજીતીર્થમાં ગયેલા હતા. તે વખતે ચડવાલથી પાલિતાણા જતા સંઘમાં શ્રી શંખેશ્વરજી તીર્થમાં મારા પૂ૦ ગુરૂદેવને ફરીથી પણ તેઓ મળ્યા હતા. સં. ૨૦૧૫ના મહાસુદિ આઠમે શ્રી શંખેશ્વરજી તીર્થમાં મારા અનંત ઉપકારી પૂજ્ય ગુરૂદેવનો સ્વર્ગવાસ થયો તે વખતે તેઓ મારા અંગત રીતે મહાન ઉપકારી, નમસ્કાર-મહામંત્રારાધક, પૂજ્યપાદ પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાથે દીક્ષાર્થી ઉમેદવાર તરીકે સંઘમાં વિહાર કરતા હતા. મારા પૂજ્ય ગુરૂદેવના સ્વર્ગવાસના સમાચાર સાંભળી પૂ૦ પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે ત્યાંથી તરત જ મારા પાસે દીક્ષા લેવા મોકલી આપ્યા હતા. અને સં. ૨૦૧૫ના ફાગણ સુદિ ત્રીજે શ્રી શંખેશ્વરજી મહાતીર્થમાં પૂ૦ આચાર્ય મહારાજશ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહરાજના શિષ્ય પૂ૦ પં૦શ્રી સંપતવિજયજી મહારાજના હાથે તેમની ભાગવતી દીક્ષા થઈ હતી. અને મારા શિષ્ય થયા હતા. તે પછી તારંગા આદિ તીર્થોની યાત્રા કરી અમે અમદાવાદ અમારા દાદા ગુરૂ શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ (બાપજી મહારાજ) પાસે ગયા હતા. ત્યાં તેમના યોગ થયા હતા. બાપજી મહારાજના હાથે જ તેમની વડીદીક્ષા થઈ હતી. પૂ૦ બાપજી મહારાજના હાથે થયેલી અગણિત વડીદીક્ષાઓમાં છેલ્લી વડીદીક્ષાનો લાભ મેળવવા માટે દેવભદ્રવિજયજી અત્યંત ભાગ્યશાળી બન્યા હતા. અમે બન્ને ગુરૂ-શિષ્ય સાથે વિચરતા હતા અને દીક્ષા લીધા પછી થોડાં વર્ષો ગયા પછી અમારા વચ્ચે એટલો બધો ધર્મસ્નેહ વિકસતો ગયો કે અમારા હૃદયના તાર એક થઈ ગયા હતા. ક્રમે ક્રમે તેમનામાં ગુરૂભક્તિ પરાકાષ્ઠાએ પહોંચી હતી. જીવનના લગભગ છેલ્લા શ્વાસોશ્વાસ સુધી તેમની એક જ ભાવના અને ઉદ્‌ગારો હતા કે 'આપની કૃપા છે, મારે બીજી કોઈ જ જરૂર નથી. મને કોઈ તકલીફ નથી.' તેમનામાં નિઃસ્પૃતા, આહારાદિ ઉપરનો સંયમ, પરમગુરૂભક્તિ, પરમવિનય, આત્મરમણતા વગેરે ગુણો એટલા બધા અજોડ રીતે વિકાસ પામ્યા હતા કે તે તે ગુણોને યાદ કરતાં મારા સર્વ આત્મ-પ્રદેશો ક્ષણે ક્ષણે ગદ્‌ગદિત થઈ જાય છે.

સં. ૨૦૩૩માં અમે વાવ (જી. બનાસકાંઠા)માં ચોમાસું રહ્યા હતા. ત્યાં તેમની તબિયત ઢીલી પડવા લાગી હતી. તે પછી સં. ૨૦૩૭માં ધામામાં તેમના ઉપર પક્ષઘાતનો હુમલો આવ્યો હતો. તેમાંથી પણ પ્રભુકૃપા તથા ગુરૂદેવની કૃપાથી અદ્‌ભુત રીતે બેઠા થયા હતા. તે પછી સં. ૨૦૩૯માં અમે ચોમાસા માટે શ્રી શંખેશ્વરજી તીર્થથી ૧૮ કીલો મીટર દૂર અહીં લોલાડા ગામમાં આવ્યા. શરૂઆતમાં તબિયત ઠીક હતી પણ છેલ્લા દોઢેક મહિનાથી તેમની તબિયત બગડતી ચાલી હતી. વચ્ચે વચ્ચે સુધારો પણ દેખાયા કરતો હતો. તેમની માંદગી દરમ્યાન મારા શિષ્ય તથા મારા માતુશ્રી સાધ્વીજી **મનોહરશ્રીજી** તથા તેમના શિષ્યાએ અને લોલાડા જૈન સંઘે તેમની વિવિધ રીતે અપૂર્વ સેવા કરી છે તે માટે સર્વને અનેક ધન્યવાદ ઘટે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બેસતા વર્ષે ( કાર્તિક સુદિ એકમે ) પ્રભાતમાં **શ્રી ગૌતમસ્વામીનો** રાસ તથા નવસ્મરણ વગેરે માંગલિક સ્ત્રોતો પાટ ઉપર મારી સાથે બેસીને તેમણે સાંભળ્યા હતા. કાર્તિક સુદિ બીજે પણ પ્રભાતમાં દેરાસરમાં ભક્તામરસ્તોત્રશ્રવણ તથા ચૈત્યવંદન આદિ પોણો કલાક સુધી શાંતચિતે મારા સાથે બેસીને કર્યાં હતા. બપોરના સાડાચાર વાગ્યા પછી તેમની તબિયત બગડવાની એકદમ શરૂઆત થઇ અને છ વાગે તો શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં કરતાં મારા ખોળામાં માથું મૂકીને તેમણે દેહ પણ સુખદ્વારા ત્યજી દીધો.

સ્વર્ગવાસના સમાચાર સાંભળતાં જ કાર્તિક સુદિ ત્રીજે લોલાડાથી દૂરના તથા આજુબાજુના ગામોના સંઘો ચારે બાજુથી આવી પહોંચ્યા. ખેડા જીલ્લામાં રહેતા સ્વર્ગસ્થના ત્રણ પુત્રો તથા પુત્રી પણ આવી પહોંચ્યા. ગામમાં જૈનોની વસ્તી તો ૭૦ માણસોની જ છે. છતાં ગામની સમગ્ર જૈનેતર જનતાએ હડતાલ રાખીને તેમજ વાસક્ષેપ આદિ દ્રવ્ય દ્વારા ગુરૂપૂજા કરીને તેમના મૃત્યુને મહોત્સવ રૂપ બનાવ્યું છે અને અપાર, ગુરૂભક્તિ પ્રદર્શિત કરી છે તેમની અગ્નિ સંસ્કાર યાત્રામાં ત્રણેક હજારની સંખ્યામાં સ્ત્રી-પુરૂષોની માનવમેદની ધર્મ-જાતિ-કોમનો ભેદભાવ રાખ્યા વિના ઉમટી હતી. તેમના પાર્થિવ દેહને અત્યંત ભવ્ય સુશોભિત પાલખીમાં પધરાવવામાં આવ્યો હતો અને જય જય નંદા-જય જય ભદ્દાના ગગનભેદી નાદો વચ્ચે બપોરે ચારવાગે તેમના સુપુત્રના હસ્તે અગ્નિદાહ દેવામાં આવ્યો ત્યાં સુધી તેમના મુખ ઉપર અપૂર્વ શાંતિ અને પ્રસન્નતાનું તેજ ઝળહળતું હતું. આ વખતે સ્વર્ગસ્થની સ્મૃતિ નિમિત્તે વિવિધ પ્રકારની રૂા. ૫૩૦૦૦ની ટીપ તથા બોલી થઇ હતી. તથા ચાલીસ કીલો ચંદનથી અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો.

મારા સુખ-દુઃખના સદાના સાથીદાર, અનેક સંકટો તથા મુશ્કેલીઓમાં બધી રીતે સાથે રહીને તથા સહાય કરીને મને પાર ઉતારનાર આવા મહાત્માના ચાલ્યા જવાથી મને અત્યંત અસહ્ય આઘાત લાગ્યો છે. ક્ષણે ક્ષણે તેઓના વિવિધ સદ્ગુણોનું મને સ્મરણ થયા કરે છે. મારા હૃદયના તાર સમાન, પરમવિનયી, પરમગુરૂભક્ત મુનિરાજશ્રી દેવભદ્રવિજયજી જ્યાં હોય ત્યાં પરમાત્મા તેઓને સિદ્ધપદ પ્રાપક પરમશાંતિ આપે અને અમારો ધર્મસ્નેહનો સંબંધ સદૈવ સ્થિર રહે એવી પ્રભુના ચરણોમાં પડીને નિરંતર પ્રાર્થના કરૂં છું.

ધન્ય હો, ધન્ય હો, ધન્ય હો આવા પરમભક્ત તથા મારા જીવનના ખરેખરા સાથીદાર ગુણોના ભંડાર મહર્ષિ મુનિ મહાત્માને.

**દ, પૂજ્યપાદ ગુરૂદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી**
**મુનિ જંબૂવિજય.**





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૧ ] વિ. સં. ૨૦૪૦ માગશર : ડીસેમ્બર-૧૯૮૩ [ અંક : ૨

# વહ અંતર્દીપ જલાઓ

## લે. શ્રી સૌભાગ્ય મુનિ 'કુમુદ'

વહ અન્તર્દીપ જલાઓ ।
જો દુઃખિયોં કી આહોમેં ઉલ્લાસ નયા લાદે ।
પતઝર જૈસે જીવનમેં મધુમાસ નયા લાદે ॥
ખુટ ચુકા જો પ્યાર ઉસી મેં શ્વાસ નયા લાદે ।
આંસૂ ટપકાતી આંખો મેં જો હાસ નયા લાદે ॥
મૈં ઐસા દીપ જલાના ચાહૂં, તુમ ભી હાથ બટાઓ ॥
વહ અન્તર્દીપ જલાઓ.

તુમને બંગલોં કા, મહેલોં કા દેખા હૈ ઉજિયાલા ।
અશ્રુબિંદુ કો નહીં દેખી હૈ, દેખી હૈ મણિમાલા ॥
તુમને દેખે રૂમ ઝુમ ઝુમ ઝુમ, સુરા સુંદરી પ્યાલા ।
ઝોપડિયોં મેં સોયા અન્ધેરા નહીં દેખા કાલા ॥
મેં ઉસ અન્ધેરે સે વ્યાકુલ આઓ ઉસે હટાઓ ॥
વહ અન્તર્દીપ જલાઓ.

ઇધર ઉજાલે કી જગમગ મેં ઠુમક રહી હૈ પાયલ ।
ઉધર પાસ મેં દેખ રહા હૂં તડપ રહા ઘાયલ ॥
ઐસી ઝૂઠી જગમગ કા મેં કભી ન હૂંગા કાયલ ।
બુઝેં હૃદય કે દીપ, તેલ કે દીપ જલાતા પાગલ ॥
યુગ યુગ કા અન્ધેરા હરલે, વહ દીપક ચમકાઓ ॥
વહ અન્તર્દીપ જલાઓ.

'જૈન જગત'ના સૌજન્યથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આરામ શોભા

વ્યાખ્યાનકાર પ. પૂ. આચાર્યશ્રી વિજયનયપ્રભસૂરિજી મ. સા.

( ગતાંકથી ચાલુ )

આ ભરતક્ષેત્રને વિષે ઈન્દ્રપુરીને શરમાવે તેવી ચંપાનગરી નામે નગરી હતી. તે નગરીમાં કુબેર જેવો સંપત્તિવાળો કુલધર નામે વણિક વસતો હતો. તેને શીલ લાવણ્યોપેત ને ઉત્તમ ગુણોથી કુળને આનંદ આપનારી કુલનંદા નામની સ્ત્રી હતી. તેને અનુક્રમે સૌંદર્યની પ્રતિમા જેવી સાત પુત્રીઓ હતી. તેઓના નામ (૧) કમલશ્રી (૨) કમલવતી (૩) કમલા (૪) લક્ષ્મી (૫) સરસ્વતી (૬) જયમતી (૭) પ્રિયકારિણી આ પ્રમાણે હતી તે કન્યાઓ ધાર્યા સુખનો અનુભવ કરતી હતી. કારણ કે તે સાતે પુત્રીઓને સારા શેઠીયાઓ જોડે પરણાવી હતી. શેઠને ઘરે આઠમી પુત્રી થઇ ત્યારે તેના જન્માવસરે તેના માતા પિતાને ઘણું દુઃખ થયું તેથી તેનું નામ પણ પાડયું નહીં. અનુક્રમે તે બાળા ઉંમર લાયક થઇ પણ શેઠે તેના લગ્ન ન કર્યા. સર્વ નાતભાઇઓએ ભેગા થઇ શેઠને કહ્યું હે શેઠ? તમારી પુત્રી હવે યુવાવસ્થાને પામી છે માટે તમારે તેને જલદી પરણાવવી જોઇએ. મૂર્ખપણાને મુકી દઇને વિચારો કે નહિ પરણાવેલી કન્યા શું કુળને કલંકિત નથી કરતી? સ્વજનોનાં આવા વચનો સાંભળી પુત્રીને પરણાવવાનો કુલધર શેઠે વિચાર કર્યો. ને ચિંતવવા લાગ્યો કે પુત્રી જેવોજ કોઈ વણીક પુત્ર મળી જાય તો તેને આ આઠમી પુત્રી પરણાવા દઉં. એક દિવસ કુલધર શેઠ પોતાની પેઢીએ બેઠા હતા. તેવામાં ઓચિંતો એક મલિન વસ્ત્ર ને મેલા શરીરવાળો કોઇ પરદેશી વણિક પુત્ર તેની દુકાને આવ્યો. શ્રેષ્ઠિએ પૂછયું, તું કોણ છે? કયાંથી આવ છે? તું કયાંનો રહેવાસી છે? અને શા માટે અહીં આવ્યો છે? તે બોલ્યો હું કોશલપુર નગરનો રહેવાસી છું. મારા પિતાનું નામ નંદીસેન મારું નામ નંદન છે ને મારી માતાનું નામ સોમા છે. હું ગરીબ થઇ જવાથી પૈસા પેદા કરવા ઉડદેશમાં ગયો હતો પણ ગરીબાઇ મારી પાછળ હતી. કારણ કે "નાણા વગરનો નાથીઓ, નાણે નાથાલાલ" જગતમાં લક્ષ્મીને માન છે. લક્ષ્મી હોય તો સહુ બોલાવે છે. બેસેલાનું ભાગ્ય બેસે છે. ને ઉભેલાઓનું ભાગ્ય ઉભું રહે છે. સુતેલાનું ભાગ્ય સૂવે છે. તેમ ચાલનારનું ભાગ્ય સાથે જ ચાલે છે તેમ મારું કર્મ જે પૂર્વે કરેલું હતું તે પણ સાથે જ આવ્યું, તેથી હું ધન પ્રાપ્ત ન કરી શકયો ને અહંકાર ને લીધે મારા દેશમાં પણ ન ગયો. આ દેશના શ્રેષ્ઠિ કે જેમનું નામ વસંતદેવ છે તેઓ ઉડદેશમાં વસે છે તેમણે શ્રીદત્ત નામના શેઠ ઉપર કાગળ લખી મને અહીં એમની સેવા કરી આજીવિકા ચલાવવા માટે મોકલ્યો છે. તેથી હું આ દેશમાં જ બીજાની સેવા કરી ગુજરાન ચલાવીશ. માટે હે ભાગ્યશાળી, તે શ્રીદત્ત શેઠનું ઘર કયાં છે? તે કૃપા કરી કહો કે જેથી હું તેમને કાગળ આપું. નંદનના આવા વચનો સાંભળી કુલધર શેઠ વિચાર કરવા લાગ્યો કે આ વણિક પુત્ર મારી પુત્રીને યોગ્ય છે. કારણ કે આ વણિક ધનરહિત ને પરદેશી છે. વળી અભિમાની પણ છે જો આની સાથે પુત્રીને પરણાવા હોય તો તે પાછી પણ આવી શકશે નહિ. આમ વિચારી વણિક પુત્રને કહ્યું કે હે નંદન તારા પિતા મારા મિત્ર છે, માટે તું શ્રીદત્ત શેઠને કાગળ આપી તુરતજ મારે ઘરે પાછો આવજે. વણિક પુત્રે કબુલ કર્યું, પછી કુલધર શેઠે શ્રીદત્ત શેઠનું ઘર બતાવવા તેની સાથે એક માણસને મોકલ્યો વણીક પુત્ર નંદન શ્રીદત્ત શેઠને કાગળ આપી પાછો કુલધર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠને ઘરે આવ્યો. એટલે શેઠે તેને સ્નાન કરાવી સારા કપડાં પહેરાવ્યાં. પછી ભોજન કરાવીને કહ્યું કે હે નંદન તું મારી પુત્રી સાથે લગ્ન કર જેથી કરીને તારા પિતાની તેમજ મારી સ્નેહગાંઠ મજબૂત સાંકળ જેવી બંધાય. નંદને કહ્યું મારે આજે કોઇ પણ રીતે ઉડદેશ જવાનું છે તો પછી પરણું શી રીતે? શેઠે કહ્યું તું શા માટે ચિંતા કરે છે? મારી પુત્રીને સાથે લઈ જા. આજીવિકા પુરતું દ્રવ્ય હું તને મોકલી આપીશ નંદને તે વાત મંજુર કરી એટલે કુલધર શેઠે પોતાની પુત્રીને તેની સાથે પરણાવી

પોતાના શ્વસુરની અનુમતિ મેળવી તેણે પત્ની સાથે ઉડદેશ જવા પ્રયાણ શરૂ કર્યું. રસ્તામાં ચાલતાં ચાલતાં તે ઉજ્જયિની નગરીમાં આવી પહોંચ્યો. અને રાતવાસો એક દેવમંદિરમાં રહ્યો રાત્રે સૂતાં સૂતાં તે વિચાર કરે છે કે સસરાએ બાંધી આપેલ ભાતું મારી સ્ત્રીના ધીરે ધીરે ચાલવાથી ખૂટી ગયું હશે, માટે મારે હવે શું કરવું? વળી પાછી મારે ભિક્ષા માગવી પડશે તેથી આ સ્ત્રીને અહીં સૂતી મૂકીને જ મારો પ્રવાસ શરૂ કરું. આમ વિચારી વણિકપુત્ર નંદન સ્ત્રીને સૂતીજ મુકી રવાના થયો. પ્રભાતે તે સ્ત્રી જાગી આમ તેમ જુએ છે પણ પતિનો પત્તો ન મળવાથી વિલાપ કરવા લાગે છે અને મનમાં હાય? હાય? મારો પતિ આવી રીતે મને તરછોડી દગો દઇને જતો રહ્યો છે હવે મારે શું કરવું? પિતાને ઘેર પણ મારા સન્માન નથી પતિ વગર હું શું કરું? ક્યાં જાઉં? હવે મારે શરણ કોનું? આ પ્રમાણે વિવિધ વિષયના વિલાપ કરતી ધીરજને ધારણ કરતી શિયળનું રક્ષણ કરવા માટે વિશાળ ઉજ્જયિની નગરીમાં આવી અને ભટકવા લાગી. પણ તેની ખબર અંતર કોઈએ પૂછી નહીં. કહ્યું છે કે—

"તિણ દેસડે ન જઇએ, જિહાં આપણો ન કોઈ
શેરી શેરી હીંડતાં, બાત ન પૂછે કોઇ"

તે નગરમાં માણિભદ્ર નામે એક શેઠ વસતો હતો. તે પોતાની દુકાને બેઠો હતો. તેવામાં તે સ્ત્રી ત્યાં આગળ તે ઉત્તમ શ્રેષ્ઠિના પગમાં પડીને કહેવા લાગી કે "હે તાત! દીન દુઃખીઓનાં શરણ તમે છો. શેઠે કહ્યું, હે બાળા તું કોણ છે? તે બોલી હે શેઠ, ચંપાપુરીમાં વસતા કુળધરની હું પુત્રી છું. મારા પતિની સાથે હું ઉડદેશમાં જતી હતી. પરંતુ કર્મયોગે માર્ગમાં પતિથી વિખૂટી પડી ગઈ છું. તેથી હું આપના શરણે આવી છું. તેની વિનયયુક્ત વાણી સાંભળી રંજન થયેલો શેઠ બોલ્યો, હે પુત્રી! તું મારા ઘરે સુખેથી રહે પછી તે કન્યા શેઠના ઘરનું બધું કામકાજ કરતી અને સુખેથી રહેતી માણિભદ્ર શેઠે પોતાના માણસોને નંદનની તપાસમાં મોકલ્યો, પણ કોઈ ઠેકાણેથી સમાચાર મળ્યા નહીં. ફરી તે શેઠે પોતાના એક માણસને કુલધર શેઠ પાસે મોકલ્યો તેણે આવી કુલધર શેઠને કહ્યું હે શ્રેષ્ઠિવર્ય! હું માણિભદ્ર શેઠનો માણસ છું એમણે પૂછાવેલ છે કે આપને કેટલી પુત્રી છે એમાંથી કેટલી કુમારિકા છે અને કેટલી સૌભાગ્યવંતી છે તે કહો. કુલધર શેઠે કહ્યું કે મારે આઠ પુત્રીઓ છે. તેમાંથી સાત પુત્રીઓને આ ચંપાપુરીમાં પરણાવલ છે. અને સૌથી નાની પુત્રીને એક વણિક પુત્ર સાથે પરણાવી છે તે દંપતી ઉડદેશે ગયા છે. આ બીના જાણી તેને પોતાના શેઠ પાસે આવી સર્વ હકીકત કહી તેથી માણિભદ્ર શેઠને ખાતરી થઇ કે આ કુલધર વણિકની કન્યા છે, આથી તે શેઠ તેને પુત્રીની જેમ પાળવા લાગ્યો.

તે કન્યાએ ઉત્તમ પ્રકારના ગુણ–ચાતુર્ય–વિનય–વિવેકથી આખા કુટુંબની કૃપા સંપાદન કરી હતી તેથી તેના દિવસો સુખેથી પસાર થવા લાગ્યા.

ઉજ્જયિની નગરીમાં માણિભદ્ર શેઠે તોરણને ધ્વજા પતાકાઓથી શણગારીને એક મોટું જિનાલય બંધાવ્યું હતું. ત્યાં કુલધર પુત્રી દરરોજ ત્રણે પ્રકારની પૂજા કરતી અને સાધ્વીઓના સમાગમથી જીવાદિ નવતત્ત્વ જાણી તે સુલસા સદૃશ ઉત્તમ શ્રાવિકા થઈ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠ તેને જે જે દ્રવ્ય આપતાં તે બધું ભેગું કરીને દહેરાસરને લગતી વસ્તુઓ તે બનાવતી હતી.

જ્યારે તેની પાસે વધારે દ્રવ્ય એકઠું થયું. ત્યારે તેણે ત્રણ સુવર્ણમય છત્ર કરી પ્રભુના મસ્તક ઉપર ધારણ કર્યા વિવિધ પ્રકારના તપ અને ભાવથી ચતુર્વિધ સંઘનું વાત્સલ્ય પણ કર્યું. ઉજમણા વિગેરે પણ કર્યાં.

એક દિવસે શેઠને ચિંતાતુર જોઇ તે બોલી. હે તાત! આપને આજે શી ચિંતા છે? શેઠે કહ્યું હે પુત્રી અહીંના રાજાએ મને જે જિનપૂજા માટે ફળફૂલથી ભરપુર વૃક્ષવાળુ એક ઉદ્યાન આપ્યુ હતું હું તેના ફળફૂલોથી રોજ જિનેશ્વર દેવની પૂજા કરતો હતો. પરંતુ એકાએક આજે એ ઉદ્યાન સૂકાઇ ગયું છે. સર્વ ઉપાય યુક્તિ અજમાવી જોઇ પણ તે નવપલ્લવિત થતું નથી તેથી મને રાજાનો ખરો ભય લાગે છે તે મને શું કરશે? ....કાંઇ સમજાતું નથી. આ સાંભળી કન્યા બોલી હે તાત! તમે ચિંતા કરશો નહીં હું પ્રતિજ્ઞા કરું છું કે મારા શિયળના પ્રભાવે જ્યાં સુધી ઉદ્યાન સાચા સ્વરૂપને ધારણ ન કરે ત્યાં સુધી મારે ચારે આહારનો ત્યાગ છે. શેઠે કહ્યું હે પુત્રી આવી ઉગ્ર પ્રતિજ્ઞા ન કરાય તે બોલી હે તાત? મેં જે પ્રતિજ્ઞા લીધી છે તેમાં કદી ફેરફાર થઈ શકે એમ નથી, આમ કહી જિનમંદિરે ગઇ ને અરિહંતને નમસ્કાર કરી એકાગ્ર ચિત્તે કાઉસગ્ગમાં રહી, આમ તેણે ત્રણ દિવસ પૂર્ણ કર્યા ત્રીજી રાત્રીએ શાસનદેવી પ્રગટ થઇ કહેવા લાગી હે વત્સે મિથ્યાદષ્ટિ વ્યંતરદેવે આ વાટિકનો વિનાશ કર્યો હતો, અત્યારે તે દેવ તારા તપ-શીયળના પ્રભાવથી અદૃશ્ય થયો છે તેથી ઉદ્યાન પહેલાંની જેમ પ્રભાતે નવપલ્લવિત થશે એમ કહી તે અદૃશ્ય થઈ ગઈ. સવારે માણિભદ્ર શેઠ ફળ-ફૂલાદિથી નવપલ્લવિત વાટિકા જોઇ અત્યંત હરખન ધારણ કરતો મંદિરે આવ્યો અને કહેવા લાગ્યો, હે બેટી' તારા શિયળ પ્રભાવથી આજે મારા મનોરથો પરિપૂર્ણ થયાં માટે તું સુખેથી પારણું કર. પછી શ્રાવક-શ્રાવિકાઓને નિમંત્રણ કરી ધામધૂમથી વણિક પોતાના ઘરે તેડી લાવ્યો લોકો પરસ્પર કહેવા લાગ્યાં અહો! શિયળનો મહિમા અપૂર્વ છે કે જેથી સૂકાઈ ગયેલું વન ફરી સર્જન થયું. આ કન્યા અતિ પ્રશંસાવાળી છે. તે પવિત્ર પુણ્ય અને ઉત્તમ લક્ષણવાળી છે. વળી એનું જીવતર સફળ છે. આ પ્રકારના જીવોને દેવો પણ નમસ્કાર કરે છે. ધન્ય છે! માણિભદ્ર શેઠને! જેમના ઘરમાં ચિંતામણી રત્ન જેવી આ વણિક પુત્રી વસે છે. આ પ્રમાણે જયઘોષણા કરતો સંઘ તે શ્રેષ્ઠિવર્યના ઘરે આવ્યો. તે શ્રાવિકાએ ઘેર જઈ મુનિમહારાજોને પડિલાભ્યાં અને ચતુર્વિધ સંઘને ભોજન કરાવી વિધિપૂર્વક પારણું કર્યું જૈનધર્મનો મહિમા અહીં વિસ્તાર પામ્યો. "જૈનમ્ જયતિ શાસનમ્".

એક દિવસ તે કુલધર પુત્રી પાછલી રાતે જાગીને વિચાર કરવા લાગી. આ જગતમાં તેઓ જ ધન્ય છે કે જેઓ વિષય સુખને ત્યજી, અવ્યાબાધ સુખને આપનાર ચારિત્રને અપનાવે છે. કામભોગમાં આસક્ત એવી હું જ અધન્યને પાત્ર છું. હું કામ ભોગ તો ન પામી. પણ દુઃખના દરિયામાં ડુબકીઓ ખૂબ ખાધી. એટલો પુણ્યનો પ્રબળ ઉદય કે હું જૈનધર્મને પામી છું હું ચારિત્ર પાળવાને અસમર્થ છું તેથી ગૃહસ્થપણામાં હું ઉગ્ર તપ કરુ જેથી શરીર સંસાર શોષાય. એમ ચિંતવી કુલધર પુત્રીએ છઠ્ઠ-અઠ્ઠમ-પક્ષખમણ-માસખમણ વિગેરે ઉગ્ર તપ આદર્યા જ્યારે તેનું શરીર બહુજ ક્ષીણ થયું. ત્યારે તેણે અનશન લીધું અને શુભ ધ્યાનથી મૃત્યુ પામી. પહેલા સૌધર્મ દેવલોકમાં દેવતા થઈ. ત્યા આયુષ્ય પુરું કરી વિદ્યુત્પ્રભા નામની વિપ્રપુત્રી થઇ અને માણિભદ્ર શેઠ મૃત્યુ પામી ઉત્તમ દેવપણે અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થયા ત્યાથી ચ્યવી મનુષ્ય થયા ત્યા ધર્મની આરાધના કરી નાગકુમાર દેવ થયા અવધિજ્ઞાનથી પૂર્વભવનો સંબંધ જાણી તારા ઉપર તે વાત્સલ્ય રાખે છે હે ભવ્યા! તે પહેલા કુલધર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શેઠના ઘરમાં અજ્ઞાનતાને લીધે જે પાપ કર્યું હતું તે કાર્ય વિપાકથી દુઃખી અને માણિભદ્ર શેઠના ઘરમાં રહીને જૈન ધર્મની પ્રભાવના કરવાથી તે મન-વચન-કાયાની શુદ્ધિથી જૈન ધર્મનું આરાધન કર્યું તેથી તું અત્યારે અનુપમ સુખ ભોગવે છે, તેં પૂર્વે ભવમાં જિનેશ્વરની પૂજાના ઉદ્યાનને નવપલ્લવિત કર્યું હતું. તેથી જ આ નંદનવન સમ દેવનિર્મિત ઉદ્યાન તારી સાથે રહે છે. પ્રભુના મસ્તકે તે છત્રધારણ કર્યા તેથી તું ઉદ્યાનની છાયામાં નિવાસ કરે છે. વળી જિનપૂજાના પ્રભાવથી તું નિરોગી રહે છે. પ્રભુની ભક્તિ કરવાથી દેવ સમાન સામ્રાજ્ય ભોગવે છે. તે ભક્તિ વડે જ હે આરામશોભા ક્રમે કરીને તું શીવસુખ સાધીશ.

જ્ઞાનીના વચન સાંભળી તે રાણી ક્ષણવારમાં મૂર્છા પામી ધરતી પર ઢળી પડી, શીતળજળ ચંદનાદિ વડે ચેતના પામી ને બોલી હે મુનિશ્વર! આપના મુખેથી મારો પૂર્વભવ સાંભળી મને જાતિસ્મરણ જ્ઞાન થયું છે તેથી મેં જાણ્યું કે આપે કહ્યું તે સર્વ બરોબર છે. હું સંસારથી ખેદને પામી છું મુનીશ્વર! જો આપ રાજા પાસેથી રજા અપાવો તો હું આપની પાસે પ્રવજ્યા ગ્રહણ કરું. રાણીના વચન સાંભળી રાજા બોલ્યો, હે ભદ્રે? આ પ્રમાણે સંસારની અસારતા જાણ્યા પછી કયો ડાહ્યો પુરૂષ ઘરમાં બેસી રહે? માટે હું પણ દીક્ષા લઇશ પછી રાજા મુનીશ્વર પાસે જાય છે અને કહે છે હે મુનીન્દ્ર જ્યાં સુધી હું મહેલમાં જઈ આરામશોભાના પુત્ર મલયસુંદરને સિંહાશનારૂઢ કરીને પાછો આવુ ત્યાં સુધી આપ કૃપા કરી સ્થિરતા ધારજો, પછી ગુરુજીને પ્રણામ કરીને રાણી સાથે ઘરે આવ્યો, યુવરાજનો રાજ્યાભિષેક કરી નગરમાં અઠ્ઠાઈ મહોત્સવ કર્યો અને દીન-અનાથને ઘણું દાન દીધું. સાતે ક્ષેત્રમાં દ્રવ્ય વાપરી ઉત્સવ પૂર્વક પાછો ફર્યો, અને પત્ની સાથે દીક્ષા અંગિકાર કરી જિતશત્રુ રાજર્ષિ ઉગ્ર વિહારે પૃથ્વી પાવન કરવા લાગ્યા. અનુક્રમે સકલાગમના રહસ્યને જાણનાર જિતશત્રુ રાજર્ષિને આચાર્યપદને યોગ્ય જાણી તેમના ગુરૂ મહારાજે પોતાના પદે સ્થાપન કર્યા અને આરામશોભાને પણ પ્રવર્તિની પદ આપ્યું. અનુક્રમે જિતશત્રુસૂરિ કહેવાયા અને અનેક ભવ્ય જીવોને પ્રતિબોધી આરામશોભા સાથે અનશન લઈ કાળ કરી દેવલોક ગયા, ત્યાંથી મનુષ્ય સુખ પામી અનુક્રમે મુક્તિ સુખ પ્રાપ્ત કરશે.

આ કથા વાંચીને ભવ્ય જીવોએ શીલવ્રતનું પાલન મક્કમ પણે કરવું જોઇએ કે જેથી કરીને આલોક ને પરલોકમાં સુખ-સંપત્તિ ઋદ્ધિ-વૃદ્ધિને પામનાર થાય છે. તદ્ઉપરાંત અવ્યાબાધ મોક્ષ સુખને પામે છે.

॥ ઇતિ આરામશોભા કથા સમાપ્ત ॥


શ્રી हेमचन्द्राचार्य कृतम् प्राकृत व्याकरणम् (अष्टमोऽध्यायः)

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે. સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે પ્રાચીન પ્રાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરુદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Appendices આવેલ છે જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

Price Rs. 25-00 Dolar 5-00 Pound 2-10

પ્રાપ્તિસ્થાન

શ્રી જૈન આત્માનંદસભા, ખારગેટ, ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દુ:ખનું મૂળ આસક્તિ!

—પંન્યાસપ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણીવર

કાશ્મીરનો રાજા લલિતાદિત્ય પોતાની વિશાળ સેના સાથે પંજાબ તરફ આગળ વધી રહ્યો હતો. રસ્તામાં સાગર જેવી ઉછળતી સિન્ધુ નદી આવી. સિન્ધુનો જલપ્રવાહ ભારે વેગમાં હતો. રાજા લલિતાદિત્ય ચિંતામાં ડૂબી ગયો....'આવો દરિયો પાર કેમ કરીને થશે?'

રાજાની સાથે એનો મહામંત્રી ચિંકુણ પણ હતો. રાજાની ચિંતા જાણી ચિંકુણે રાજાને આશ્વાસન આપતા કહ્યું કે 'મહારાજા, તમે ચિંતા ના કરશો....સિંધુ ઓળંગીને આપણે પંજાબમાં પ્રવેશ કરી શકીશું....આપની ધર્મ-પ્રસારની ભાવના સફળ બનશે જ.'

'પણ થશે કેમ કરીને? સિંધુતો ઉછળતા દરિયા જેવી છે....?'

'આપ નિશ્ચિંત રહો....સેવક આપની સેવામાં હાજર છે!'

રાજા લલિતાદિત્ય સેના સાથે સિંધુના તટ પર પહોંચ્યા. મંત્રી ચિંકૂણે પોતાના ખીસ્સામાંથી એક તેજસ્વી મણી બહાર કાઢયો અને સિંધુના જલપ્રવાહમાં નાખ્યો....નાંખતાની સાથે જ જાણે ચમત્કાર સર્જાયો હોય એમ પાણીનો પ્રવાહ બે ભાગમાં વહેંચાઈ ગયો! વચ્ચોવચ, સામે કિનારે જવા માટેનો રસ્તો બની ગયો! રાજા સેનાની સાથે સામા કિનારે પહોંચી ગયો. મહામંત્રીએ બીજો મણી એ પ્રવાહમાં નાંખ્યો અને જલપ્રવાહ પૂર્વવત્ બની ગયો. મંત્રીએ બંને મણી કાઢીને પોતાની પાસે સુરક્ષિત રાખી લીધા.

રાજા તો આશ્ચર્યથી મુગ્ધ બની ગયો. એણે પ્રેમભર્યા શબ્દોમાં ચિંકુણ પાસે યાચના કરી: 'મારા ખજાનામાંથી તને જે સારામાં સારી વસ્તુ જોઈએ તે માંગીલે અને મને આ બંને મણી આપી દે...'

'મહારાજા, હું જે માંગીશ....તે આપ મને આપી શકશો?' 'ચોક્કસ...જો તું મને મણી આપવા રાજી હોય તો હું મારૂં સમગ્ર ધન તને આપી દેવા તૈયાર છું...!'

'ના મહારાજ, મારે આપના ધન વૈભવ નથી જોઈતા કે મહેલ-મહેલાતો ને જમીન-જાગીર પણ નથી જોઈતી. આપને જોઈએ છે તો આ બંને મણી આપ ખૂશીથી રાખી લ્યો, અને જો આપ મને આપી શકો તો મગધ સમ્રાટે આપને જે બુદ્ધની સુંદર મૂર્તિ ભેટરૂપે આપી છે, તે આપ મને આપવા કૃપા કરો.'

રાજા પળવાર તો ચિંકુણની સામે તાકી રહ્યો. બુદ્ધની એક મૂર્તિના બદલામાં આવા ચમત્કારી મણી આપી દેનાર આ મંત્રી તેને ઓલિયો લાગ્યો!

રાજાએ ચિંકુણને ભગવાન બુદ્ધની નાજુક-નયનરમ્ય મૂર્તિ આપી દીધી. ચિંકુણ તો મૂર્તિ મેળવીને ભાવવિભોર બની ઉઠયો. વિરક્ત અને બુદ્ધમાં અનુંરક્ત બનેલો ચિંકુણ મૂર્તિને હૈયા સરસી રાખીને પોતાને વતન જવા ચાલી નીકળ્યો.

વાર્તા તો અહીં પૂરી થઈ જાય છે. પણ આ વાર્તાના પૂર્ણવિરામે મારી વિચારયાત્રાને આરંભી દીધી...મનના માંડવે વિચારોની વેલ પાંગરતી જ રહી...! હું પળભર તો વિચારી જ રહ્યો. 'આ શું! ચિંકુણે કેવી સહજતા અને સરળતાથી જલકાંત અને ચંદ્રકાત જેવા બે-કીંમતી ને ચમત્કારી મણી રાજાને આપી દીધા. અને લીધું શું? તો ભગવાન બુદ્ધની એક માત્ર મૂર્તિ! શું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિચાર્યું હશે એ પ્રજ્ઞાવંત મહામંત્રીએ પોતાના મનમાં ?

'આ ચંદ્રકાંત કે જલકાંત મણી તો એક નદી અથવા સાગર ઉતરવામાં સહાયક બની શકે છે, જ્યારે ભગવાન બુદ્ધની પ્રતિમા તો ભવસાગરથી પાર ઉતરવામાં ઉપકારક બનશે ! મારે તો ભવસાગરને તરવો છે ને ? નિર્વાણમાં સમાવું છે ને ?'

ચોક્કસ આવું જ કંઈક વિચાર્યું હશે એ મહામંત્રીએ ? શું એના હૃદય-પર્વતમાં છાનું-છુપું વૈરાગ્યનું ઝરણું વહી જ રહ્યું હશે ? મહામંત્રીના જવાબદારી ભર્યા અને જોખમી પદ પર રહેવા છતા શું એનું હૈયું આવું વિરક્ત હોઈ શકે ખરૂં ?

હાસ્તો ! દુનિયામાં એવી કઈ ચીજ છે કે જેનો ત્યાગ વૈરાગી આત્મા ન કરી સકે ? વિશ્વના સામ્રાજ્યને પણ ઘડીના છઠ્ઠાભાગમાં સલામભરીને ખંખેરી નાંખે છે. વિરાગની મસ્તીમાં ડૂબેલો આત્મા ! રૂપરૂપના સરોવર જેવી ખૂબસૂરત અપ્સરાઓને છોડતા પણ વૈરાગી ઝિઝક ન અનુભવે ! પોતાના તદુરસ્ત અને સ્વસ્થ શરીરને ત્યજી શકે છે !

અંતરાત્માના ધરાતલ પર વૈરાગ્યનુ ઝરણું હમેંશા હરપળ વહેતું રહેવું જરૂરી છે. યોગ માર્ગમાં પ્રવેશ મેળવવા માટે વિરક્ત-અનાસક્ત આત્માજ યોગ્યતાની પરીક્ષામાં સફળ થઈ શકે ! વૈરાગ્ય પણ સહજ-સ્વાભાવિક હોવો જોઇએ. વિરક્ત હૃદય ઉદાર હોય છે. વિશાલ હોય છે. અને કરૂણાથી છલકતું હોય છે ! વિરક્ત અંતઃકરણમાં જ સમ્યગ્જ્ઞાનનો રત્ન દીવડો ઝગમગી રહે છે.

બહારથી મનુષ્ય રાજા હોય....મંત્રી હોય.... શ્રેષ્ઠિ હોય....કે મજદૂર હોય....ભીતરથી એ વિરક્ત હોય શકે છે ! વિરાગી મનુષ્ય સુખ-દુઃખમાં સમવૃત્તિ જાળવી શકે છે ! સંતુલિત રહી શકે છે.

વૈરાગ્ય અને સમતા વચ્ચે ઘનિષ્ટ સંબંધ છે. વિરાગી આત્મા જ સદા શાંતિ અને પ્રસન્નતાની અનુભૂતિ કરી શકે છે !

વિરાગી આત્મા બંધાતો નથી. એ નિર્બંધન હોય છે ! એને કોઈ આંતર કે બાહ્ય....ભીતરી કે બાહરી બંધનો જંજીરો જકડી શકતી નથી. દ્રવ્ય ક્ષેત્ર-કાળ અને ભાવના બંધનોથી અનાસક્ત-વિરક્ત આત્મા મુક્ત હોય છે !

વિરાગી જ સાચો શ્રદ્ધાવાન બને છે, સાધુતા ધારી શકે છે. સંન્યસ્ત બની શકે છે...જો વિરક્ત નથી એ સાધુ કેમ હોય શકે ? જે અનાસક્ત નથી એ સન્યસ્ત કેમ બની શકે ? જે વિરાગી નથી....એ કેમ જગાવી શકે શ્રદ્ધાની સિતારી પર સમર્પણના સૂર ?

જે વ્યક્તિમાં રાગનું ઝેર ભરેલું છે.....આસક્તિનું વિષ નીતરે છે. એ ત્યાગી કેમ હોઈ શકે ? માત્ર કપડાં બદલી લેવાથી સાધુ-સન્યાસી નથી થવાતું ને ? કાળજું બદલવું પડે છે ! ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ અમથું થોડે જ કહ્યું છે : 'त्यागात् कञ्चुकमात्रस्य भुजंगो नहि निर्विषः' કાંચળી ઉતારી નાંખવા માત્રથી સર્પ નિર્વિષ નથી બનતો.

હૈયું હરદમ અનાસક્તિના ઊંડા નીરમાં ડૂબ્યું રહે, આજ તો બધી સાધનાનો સાર છે ! આસક્તિ તમામ દુઃખોની જડ છે. અપેક્ષા તમામ દુઃખોનું મૂળ છે !

[ સ્નેહદીપ દ્વારા અનુદિત ]

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'પાપ તારું પરકાશ ભાઇ!'

—પંન્યાસપ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણીવર

અહીં તમારા પાપોને સાચા હૈયે ખુલ્લા કરી દો....સાફ મનથી પાપોનું બયાન કરી દો....અને પાપોના ભારથી મુક્ત બનો, હળવા બનો. પાપોનું કરેલું પ્રાયશ્ચિત્ત માનવીને શુદ્ધ-બુદ્ધ અને પ્રબુદ્ધ બનાવી દે છે.

કચ્છની કામણગારી ધરતી પર આજે પણ એવું એક પાવન તીર્થ ઊભું છે 'અંજાર' એ કચ્છના જુના ને જીવતા નગરોમાનું એક ઐતિહાસિક નગર છે. અંજારના બાહરી ઇલાકામાં 'જેસલ તોરલની સમાધી' આજે પણ મોજૂદ છે. જેસલ ડાકૂ હતો....હત્યારો અને લૂટારો હતો....જેસલની નાવ જ્યારે ભર દરિયે ઝોલા ખાતી હતી...એ વખતે હમણાં નાવ ડૂબી કે હમણા ડૂબી...થતું હતું....ત્યારે તોરલે જેસલની પાસે એના પાપોનું બયાન અંતરતમથી કરાવરાવ્યું હતું....તોરલની પ્રેરણા જેસલના માંહ્યલાને જગાડી ગઈ અને જેસલે પોતાના તમામ બૂરા કામોનો ત્યાં મન મૂકીને એકરાર કર્યો....અને કથા કહે છે કે એની નાવ સહીસલામત પાર ઉતરી ગઇ.

આજે બી કેટલાય સ્ત્રી-પુરૂષો જેસલ-તોરલની આ સમાધિના દર્શન કરવા દૂર દૂરથી આવે છે. દર્શન કરીને એમની આંખો છલકાઈ ઉઠે છે... તેઓ રડી પડે છે...આંસૂડાં પાડતા પોતાના પાપાનું એકરારનામુ ત્હોમાં ઉતારે છે... હૈયાનો બોજ હળવો થાય છે.... આંખોમાં ચમક ઉભરાય છે અને પ્રસન્નતાથી મનને ભર્યું ભર્યું બનાવીને એઓ પાછા વળે છે.... અહીંથી ગયા પછી તેઓ પાછા એવા પાપો કરતા થઇ જાય છે કે નહીં...એ ખબર નથી! પણ જેસલે ફરી પાછા એવા કાળા પાપ નહોતા કર્યા, એમ આ વર્તા જરૂર કહે છે!

પાપોનું પ્રતિક્રમણ કરવું....પાપોનો એકરાર કરવો....પરમાત્માની પાસે, ગુરૂજનોની પાસે પાપોની ક્ષમા યાચવી....આ બધી વાતો બધા જ ધર્મો એક યા બીજા રૂપે દર્શાવે છે. કેટલાક શ્રદ્ધાળુજનો એવી ક્રિયા કરે છે પણ ખરા...પણ ખબર નહી....એ લોકો સાચ્ચે જ પાપોનું આલોચન કરે છે....કે પછી માત્ર ગતાનુગતિક કે દેખાદેખી ક્રિયા કરવાના સંતોષથી ધરાઈ જાય છે?

એક દિવસ મારી સ્મૃતિના પડદાપર જીવંત છે હજુ પણ! એક ભાઇ પ્રતિક્રમણ દરમ્યાન 'વંદિ-તુસૂત્ર' [પાપોના પ્રત્યાલોચન માટેનું એક સૂત્ર] બોલી રહ્યા હતા...અને એમની આંખો આંસુઓથી છલછલ બની રહી હતી...વાસ્તવમાં એઓ પશ્ચાત્તાપ કરી રહ્યા હતા....એમના આવા ગદ્ગદ્ સ્વરે બોલાતા વંદિ-તુસૂત્રે એ દિવસે ઘણા બધા પ્રતિક્રમણ કરનારાઓની આંખોને આંસૂથી છલકાવી દીધી હતી. પાપોનું સાચ્ચું પ્રાયશ્ચિત્ત થઇ રહ્યું હતું!

પણ માણસ પાપોને છાવરવામાં હોંશિયાર છે! જાનવર અલબત્ત પાપ કરે છે પણ છૂપાવતા નથી કે છાવરતા નથી! માણસ પાપ તો કરે છે જ, પાછો એને છુપાવે છે...સંતાડે છે...!! કારણ કે પાપથી એ ગભરાતો નથી...એ ડરે છે આવનારા દુ:ખોથી!

'હું પાપ કરીશ તો અશુભ કર્મો બંધાશે.. જેના પરિણામે મને ભવિષ્યમાં ઘોર કષ્ટો વેઠવાં પડશે' આ વિચાર એને નથી આવતો....એના મનમાં ફફડાટ જુદો જ હોય છે. 'લોકો જો મારા પાપને જાણી જશે તો મારી આબરૂને આંચકો લાગશે. લોકો મારો તિરસ્કાર કરશે....હું કોઈને મોઢુ બતાવવા લાયક નહી રહું!'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દુઃખોના ભયથી પાપોનું પ્રાયશ્ચિત્ત તો લોકો હજુ કરી લે છે પણ જે પાપની પાછળ કોઈ ભયની ભૂતાવળ નથી....પાપાચરણ કોઇ જોતું નથી. છતાંયે પાપોનું પ્રાયાશ્ચિત્ત જો કરવામાં આવે તો જ એ સાચું પ્રાયશ્ચિત્ત છે!

આજુબાજુના બધા લોકો જે પાપ આચરતા હોય છે એને તો 'પાપ' તરીકે માનવું જરી અઘરૂં થઇ પડે છે! જેને પાપ જ ન માનીએ એનું વળી પ્રાયશ્ચિત્ત શાનું?

ભલે, માણસ પાપને પાપ ના માને....ભલેને એ પાપોનો પશ્ચાતાપ ના કરે ....પણ એટલા માત્રથી એ કાંઈ પાપમુક્ત ન બની શકે। પાપોનો ભાર તો એના નાજુક હૈયા પર વધતો જ રહે છે! ધીરે ધીરે એની બેચેની માઝા મૂકે છે....એને સમજાતું નથી કે 'કેમ મારૂં હૈયું ભારે ભારે રહે છે?' જો એને પાપોના પશ્ચાત્તાપનો રાહ નથી મળતો તો એનું હૃદય ઠીંગરાઈ જાય... હૃદય બંધ પડી જાય....અને આત્મા પાપોનું પોટલું ઉપાડીને પરલોકનો યાત્રી બની જાય!

હે પ્રભો! મરતા પહેલાં, સહજભાવે હું મારા પાપોનો પશ્ચાત્તાપ કરી લઉં....એટલી મારા પર કૃપા કરજો! પાપોના એકરાર કરવામાં રૂકાવટ કરનારા તત્ત્વોનો નાશ કરો છો પ્રભુ...! પાપોનું એવું પ્રત્યાલોચન કરી લઉં કે ફરી પછી કયારેય પાપો પ્રત્યેનું કોઈ આકર્ષણ જાગેજ નહી! પાપોની ઇચ્છા ઓગળી જાય!

હે તરાગ! તારા આચિન્ત્ય અનુગ્રહથી મારે પાપોની ઇચ્છાઓથી મુક્તિ મેળવવી છે! જો એ માટેનો ઉપાય પ્રાયશ્ચિત્ત હોય તો એ પ્રાયશ્ચિત એવું પ્રાયશ્ચિત્ત કરવા હું તૈયાર છું! તમારા જ પાવન ચરણોમાં મને મારૂં પાપ-પ્રકાશન/પ્રત્યાલોચન કરવા દો વિભુ!

[સ્નેહદીપ દ્વારા અનૂદિત]


## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** જેની મર્યાદિત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧** (પૃષ્ઠ સંખ્યા-૨૨૪) કીંમત રૂપિયા પંદર.
**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** (પૃષ્ઠ સંખ્યા-૪૪૦) કીંમત રૂપીઆ પાંત્રીશ.
તો બન્ને ભાગો એકી સાથે મંગાવી લેવા વિનંતી છે.

:- સ્થળ -:
**શ્રી જૈન આત્માનંદ સભા**
ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક.** : બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભામાં અત્યાર સુધીમાં થયેલાં

# માનવંતા પેટ્રન સાહેબોની નામાવલી

૧ શ્રી બાબુસાહેબરાય સીતાબચંદજી બહાદુર
૨ ,, હઠીસંગ ઝવેરચંદ
૩ ,, રાયબહાદુરસાહેબ વિજયસિંહજી
૪ ,, સૌભાગ્યચંદ નગીનદાસ ઝવેરચંદ
૫ ,, બાલચંદ છાજેડ
૬ ,, જીવણલાલ ધરમચંદ
૭ ,, બાબુસાહેબ બહાદુરસિંહજી સીંઘી
૮ ,, ચંદુલાલ સારાભાઈ
૯ ,, રાયબહાદુર કાંતિલાલ ઇશ્વરલાલ
૧૦ ,, માણેકચંદ જેચંદભાઇ
૧૧ ,, નાગરદાસ પુરૂષોત્તમ
૧૨ ,, રતીલાલ વાડીલાલ
૧૩ ,, માણેકલાલ ચુનીલાલ
૧૪ ,, નાનાલાલ હરીચંદ
૧૫ ,, કાંતીલાલ બકોરદાસ
૧૬ ,, રાયબહાદુર નાનજીભાઇ લધાભાઈ
૧૭ ,, ભોગીલાલ મગનલાલ
૧૮ ,, રતીલાલ વર્ધમાન
૧૯ ,, પદમશી પ્રેમજીભાઇ
૨૦ ,, રમણીકલાલ ભોગીલાલ
૨૧ ,, મોહનલાલ તારાચંદ
૨૨ ,, જાદવજી નરશીદાસ
૨૩ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૨૪ ,, ચંદુલાલ ટી. શાહ
૨૫ ,, રમણીકલાલ નાનચંદ
૨૬ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૨૭ ,, દલીચંદ પરશોત્તમદાસ
૨૮ ,, ખાંતીલાલ અમરચંદ
૨૯ ,, રાયબહાદુર જીવતલાલ પ્રતાપશી
૩૦ ,, અમૃતલાલ કાળીદાસ
૩૧ ,, ખુશાલદાસ ખેંગારભાઈ
૩૨ ,, કાંતિલાલ જેસંગભાઇ
૩૩ ,, બબલચંદ કેશવલાલ
૩૪ શ્રી ચંદ્રકાન્ત ઉજમશી
૩૫ ,, પુંજાભાઈ દીપચંદ
૩૬ ,, લક્ષ્મીચંદ દુર્લભદાસ
૩૭ ,, કેશવલાલ લલ્લુભાઈ
૩૮ ,, ઓધવજી ધનજીભાઇ સોલીસીટર
૩૯ ,, મણીલાલ વનમાળીદાસ
૪૦ ,, સારાભાઈ હઠીસંગ
૪૧ ,, રમણલાલ દલસુખભાઇ
૪૨ ,, કેશવલાલ વજેચંદ
૪૩ ,, જમનાદાસ મોનજી
૪૪ ,, વીરચંદ પાનાચંદ
૪૫ ,, હીરાલાલ અમૃતલાલ
૪૬ ,, ગીરધરલાલ દીપચંદ
૪૭ ,, પરમાણંદ નરશીદાસ
૪૮ ,, લવજીભાઈ રાયચંદ
૪૯ ,, પાનાચંદ લલ્લુભાઇ
૫૦ ,, કસ્તુરભાઇ લાલભાઈ
૫૧ ,, પરશોતમદાસ મનસુખલાલ
૫૨ ,, મનસુખલાલ દીપચંદ
૫૩ ,, છોટાલાલ મગનલાલ
૫૪ ,, માણેકચંદ પોપટલાલ
૫૫ ,, નગીનદાસ કરમચંદ
૫૬ ,, ડો. વલ્લભદાસ નેણસીભાઇ
૫૭ ,, સકરચંદ મોતીલાલ
૫૮ ,, પ્રાગજીભાઈ ઝવેરચંદ
૫૯ ,, ખીમચંદ લલ્લુભાઇ
૬૦ , પરશોતમદાસ સુરચંદ
૬૧ ,, કેશવજીભાઈ નેમચંદ
૬૨ ,, હાથીભાઇ ગુલાબચંદ
૬૩ ,, અમૃતલાલ ફુલચંદ
૬૪ ,, પોપટલાલ કેવળદાસ
૬૫ ,, શ્રી ભગુભાઈ ચુનીલાલ
૬૬ ,, વનમાળીદાસ ઝવેરચંદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬૭ શ્રી બકુભાઇ મણીલાલ
૬૮ ,, ખીમચંદ મોતીચંદ
૬૯ ,, ચીમનલાલ ડાયાલાલ
૭૦ ,, રમણલાલ જેશીંગભાઈ
૭૧ ,, મગનલાલ મૂળચંદ
૭૨ ,, નરોતમદાસ શામજીભાઇ
૭૩ ,, કેશવલાલ બુલાખીદાસ
૭૪ ,, મોહનલાલ મગનલાલ
૭૫ ,, ચીમનલાલ મગનલાલ
૭૬ ,, રતિલાલ ચત્રભુજ
૭૭ ,, પોપટલાલ ગીરધરલાલ
૭૮ ,, કાંતિલાલ હીરાલાલ કુસુમગર
૭૯ ,, લાલભાઇ ભોગીલાલ
૮૦ ,, સાકરલાલ ગાંડાલાલ
૮૧ ,, હરખચંદ વીરચંદ
૮૨ ,, ચંદુલાલ વર્ધમાન
૮૩ ,, છોટાલાલ ભાઇચંદ
૮૪ ,, શ્રીમતી પ્રભાવતીબેન હરખચંદ
૮૫ શ્રી મનમોહનદાસ ગુલાબચંદ
૮૬ ,, કાંતિલાલ રતિલાલ
૮૭ ,, નૌતમલાલ અમૃતલાલ
૮૮ ,, જયંતિલાલ રતનચંદ
૮૯ ,, ભાણજીભાઇ ધરમશી
૯૦ ,, પાનાચંદ ડુંગરશી
૯૧ ,, નાનકચંદ રીખવચદ
૯૨ ,, શ્રીમતી કમળાબેન કાંતિલાલ
૯૩ શ્રી રમણલાલ નગીનદાસ
૯૪ ,, કપુરચંદ નેમચંદ
૯૫ ,, મંગળદાસ ગોપાળદાસ
૯૬ ,, રાયચંદ લલ્લુભાઇ
૯૭ ,, છોટુભાઈ રતનચંદ
૯૮ ,, હરગોવનદાસ રામજીભાઇ
૯૯ ,, નવીનચંદ્ર છગનલાલ
૧૦૦ ,, નવીનચંદ્ર જયંતિલાલ
૧૦૧ શ્રી શરદભાઈ જયતિલાલ
૧૦૨ , તુલસીદાસ જગજીવનદાસ
૧૦૩ શ્રી નાનચંદ જુઠાભાઈ
૧૦૪ ,, ચંદુલાલ પુનમચંદ
૧૦૫ ,, સૌભાગ્યચંદ નવલચંદ
૧૦૬ ,, ચંપકલાલ કરશનદાસ
૧૦૭ ,, અમૃતલાલ ડાહ્યાભાઈ
૧૦૮ ,, મહીપતરાય વૃજલાલ
૧૦૯ ,, પોપટલાલ નરોત્તમદાસ
૧૧૦ ,, ગુલાબચંદ લાલચંદ
૧૧૧ ,, મનુભાઇ વીરજીભાઈ
૧૧૨ ,, ચંદુલાલ નગીનદાસ
૧૧૩ ,, મુળજીભાઈ જગજીવનદાસ
૧૧૪ ,, ચુનીલાલ ઝવેરચંદ
૧૧૫ ,, શ્રીમતી લાછબાઈ મેઘજીભાઈ
૧૧૬ ,, શ્રી સુખલાલ રાજપાળ
૧૧૭ ,, સુંદરલાલ મુળચંદ
૧૧૮ ,, પ્રાણજીવન રામચંદ
૧૧૯ ,, શાંતિલાલ સુંદરજી
૧૨૦ ,, પ્રાણલાલ કે. દોશી
૧૨૧ ,, ખાંતીલાલ લાલચંદ
૧૨૨ ,, ચીમનલાલ ખીમચંદ
૧૨૩ ,, ભોગીલાલભાઇ જેઠાલાલ
૧૨૪ શ્રીમતિ કંચનબેન ભોગીભાઇ
૧૨૫ શ્રી જયંતભાઈ માવજીભાંઇ
૧૨૬ ,, ખુમચંદભાઇ રતનચંદ
૧૨૭ ,, સવાઈલાલ કેશવલાલ
૧૨૮ ,, નંદલાલ રૂપચંદ
૧૨૯ ,, જાદવજીભાઈ લખમશી
૧૩૦ ,, બાવચંદભાઇ મંગળજી
૧૩૧ ,, પોપટલાલ નરશીદાસ
૧૩૨ ,, ફુલચંદભાઈ લીલાધર
૧૩૩ ,, જીવરાજભાઇ નરભેરામ
૧૩૪ ,, માણેકલાલ ઝવેરચંદ
૧૩૫ ,, પ્રાણલાલભાઈ મોહનલાલ
૧૩૬ ,, હરસુખલાલ ભાઇચંદ
૧૩૭ ,, ચદદુલાલભાઈ વનેચંદ
૧૩૮ ,, મનસુખલાલ હેમચંદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૩૯ શ્રી પોપટલાલ મગનલાલ
૧૪૦ ,, કાંતિલાલ હરગોવન
૧૪૧ ,, અમૃતલાલ કાળીદાસ
૧૪૨ ,, કાંતિલાલ ભગવાનદાસ
૧૪૩ ,, નગીનદાસ અમૃતલાલ
૧૪૪ ,, પોપટલાલ નગીનદાસ
૧૪૫ ,, ચીમનલાલ નગીનદાસ
૧૪૬ ,, દીપચંદભાઇ એસ. ગાર્ડી
૧૪૭ ,, વાડીલ લભાઈ ચત્રભુજ
૧૪૮ , પન્નાલાલભાઈ લલ્લુભાઈ
૧૪૯ ,, તલકચંદભાઈ દામોદરદાસ
૧૫૦ શ્રીમતિ ભાનુમતીબેન વાડીલાલ
૧૫૧ શ્રી નાનચંદભાઈ તારાચંદ
૧૫૨ ,, હીરાલાલ જુઠાભાઈ
૧૫૩ ,, નારણજી શામજીભાઈ
૧૫૪ ,, વીરચંદ મીઠાભાઇ
૧૫૫ શ્રીમતી અંજવાળીબેન બેચરદાસ
૧૫૬ શ્રી પ્રભુદાસ રામજીભાઇ
૧૫૭ ,, જયંતીલાલ એચ.
૧૫૮ ,, વૃજલાલ રતિલાલ
૧૫૯ ,, ચીમનલાલ હરીલાલ
૧૬૦ ,, વિજેન્દ્રભાઇ હીંમતલાલ
૧૬૧ ,, શાંતિલાલ બેચરદાસ
૧૬૨ ,, શામલજી ફુલચંદ
૧૬૩ ,, વૃજલાલ રતિલાલ
૧૬૪ ,, પ્રભુદાસ મોહનલાલ
૧૬૫ ,, નાનચંદ મુળચંદ
૧૬૬ ,, પ્રવિણચંદ્ર ફુલચંદ
૧૬૭ ,, ગીરધરલાલ જીવણભાઇ
૧૬૮ ,, મનસુખલાલ ચીમનલાલ
૧૬૯ ,, સુંદરલાલ ઉત્તમચંદ
૧૭૦ ,, દલીચંદ પુનમચંદ
૧૭૧ ,, કાંતિલાલ જીવરાજ
૧૭૨ ,, છોટાલાલ જમનાદાસ
૧૭૩ ,, પ્રતાપરાય બેચરદાસ
૧૭૪ શ્રી જસુભાઈ ચીમનલાલ
૧૭૫ ,, મનમોહનદાસ ફુલચંદ તંબોળી
૧૭૬ ,, મગનલાલ જેઠાભાઈ શાહ
૧૭૭ ,, રમણલાલ મંગળદાસ શાહ
૧૭૮ ,, શત્રુંજય મહાતીર્થ પદયાત્રા સંઘ સમિતિ
૧૭૯ ,, પ્રતાપરાય અનોપચંદ મહેતા
૧૮૦ ,, લહેરચંદ છોટાલાલ
૧૮૧ ,, સુધાકર શીવજીભાઇ
૧૮૨ ,, ગુલાબચંદ લલ્લુભાઇ
૧૮૩ ,, દિનેશભાઈ વિરચંદભાઈ
૧૮૪ ,, અનોપચંદ માનચંદ શેઠ
૧૮૫ ,, શશીકાન્ત રતીલાલ શાહ
૧૮૬ ,, ચીનુભાઈ હરીભાઈ શાહ
૧૮૭ ,, ભદ્રેશકુમાર વસંતલાલ મહેતા
૧૮૮ ,, વિરેન્દ્રભાઇ પ્રભુદાસ શાહ
૧૮૯ ,, વિનયચંદ ખીમચંદ શાહ
૧૯૦ ,, કાન્તીલાલ નારણદાસ શાહ
૧૯૧ ,, રમણીકલાલ દલસુખભાઈ શેઠ
૧૯૨ ,, મણીલાલ વાડીલાલ શાહ
૧૯૩ ,, રમણભાઈ દલસુખભાઈ શેઠ
૧૯૪ ,, ધરણીધર ખીમચંદ શાહ
૧૯૫ ,, ઇન્દ્રવદન રતિલાલ શાહ
૧૯૬ ,, મહાસુખભાઇ લક્ષ્મીચંદ શેઠ
૧૯૭ ,, કાન્તીલાલ લક્ષ્મીચંદ શેઠ
૧૯૮ ,, કાન્તીલાલ ચુનીલાલ ચોકસી
૧૯૯ ,, રતનચંદ ઓધડભાઈ મહેતા
૨૦૦ ,, મુળચંદ દીપચંદ શાહ
૨૦૧ ,, અનંતરાય ગીરધરલાલ શાહ
૨૦૨ ,, મહીપતરાય જાદવજી શાહ
૨૦૩ ,, રાજેન્દ્રકુમાર મગનલાલ મહેતા
૨૦૪ ,, હિંમતલાલ ચાંપશીભાઈ શાહ
૨૦૫ " બટુકલાલ ત્રીભુવનદાસ શાહ
૨૦૬ ,, સેવંતીલાલ કાન્તીલાલ ઝવેરી
૨૦૭ ,, પ્રાણલાલ ટી. દલાલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધાર્મિક શિક્ષણની સંયુક્ત વાર્ષિક

# ધાર્મિક પરિક્ષાઓ

**પરીક્ષા સમય : સં. ૨૦૪૦ પોષ વદ ૫ રવિવાર**

**૨૨મી જાન્યુઆરી ૧૯૮૪**

**શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ**
**શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ અને**
**શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી**

મુંબઇ દ્વારા વાર્ષિક ધાર્મિક પરીક્ષા ધોરણ ૧ થી ૬ ની સંયુક્ત અભ્યાસક્રમ મુજબ અને તેથી ઉપરના ધોરણની તે તે સંસ્થાઓના અભ્યાસક્રમ મુજબ ભારતભરના શહેરોની પાઠશાળા અને શિક્ષણ સંસ્થાંઓની રવિવાર તા. ૨૯-૧-'૮૪ (પોષ વદ ૫) બપોરે ૧ થી ૪ ના સમયે લેવાશે.

**શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર** : પ્રબોધ ટીકાની વિશિષ્ઠ પરીક્ષાઓ પણ આ તારીખે જ લેવામાં આવશે.

## પરીક્ષા ફી નથી * અભ્યાસક્રમમાં ફેરફાર નથી

## પ્રવેશ ફોર્મ તુરત મંગાવો

ગામે ગામના ધાર્મિક શિક્ષક-શિક્ષિકાઓ તેમજ સંસ્થાઓના વ્યવસ્થાપકોને વિનંતિ કે તેઓ પોતાની પાઠશાળા અને બોર્ડિંગના વિદ્યાર્થી ભાઈ-બ્હેનોને પરીક્ષામાં અવશ્ય બેસાડે.

**પરીક્ષા ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૩૧-૧૨-'૮૩ છે.**
**પ્રબોધટીકા ભાગ ૧-૨-૩ કિંમત રૂા. ૨૯/- એક બુકના**
**ધાર્મિક પ્રશ્નોત્તરી ગુજરાતી આવૃત્તિ મળશે. કિંમત બે રૂપીયા**

લિ૦ મંત્રીઓ,
શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ
શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ
શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી

ફોર્મ તથા પત્રવ્યવહાર માટે

**શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ**

ગોડીજી બિલ્ડીંગ, ૨૧૯ બીજે માળે, એ. કિકા સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦૦૦૨ ફોન : ૩૩ ૩૨ ૭૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ

શ્રી જૈન આત્માનંદ સભાના પેટ્રન સાહેબ હિંમતલાલ ચાંપસીભાઈ શાહ, વલ્લભવિદ્યાનગર મુકામે તા. ૧૬-૧૦-૮૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રી આ સંસ્થા પ્રત્યે ખુબ લાગણી ધરાવતા હતા. સંસ્થાને ઉપયોગી થવાની તેમની તીવ્ર અભિલાષા અનુમોદનીય છે. તેમના આત્માને પરમ શાંતિ મળે તેવી હાર્દિક પ્રાર્થના કરીએ છીએ.

તેઓશ્રી ખીમચંદભાઈ ચાંપશીભાઈના નાનાભાઈ હતા. તેમની અહીં સુપરકાસ્ટ નામે લોખંડની ફેકટરી છે. વિ. સં. ૨૦૩૯ના જેઠ શુદી ૪ ના રોજ સરદારનગર દેરાસરની વર્ષગાંઠ નિમિત્તે જૈન સોસાયટીના સભ્યનું સંઘ પૂજન તથા સ્વામિવાત્સલ્ય તેમના તરફથી હતું. વળી આસો શુદી ૧ થી ત્રીજ-ત્રણ દિવસ આણંદમાં ઓચ્છવ હતો. તેમની ફાળામાં મોટી રકમ હતી. તે રીતનું સ્વામિવાત્સલ્ય હતું. ઉપર્યુકત રીતે તેઓશ્રી ખૂબ ધાર્મિક હતા.

---

શ્રી હિંમતલાલ દીપચંદ શાહ (ઉમરાળાવાળા) તા. ૧૭-૧૦-૮૩ના રોજ સોમવારે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રીની ઉંમર ૬૦ વર્ષની હતી. આ સંસ્થાના તેઓશ્રી આ જીવન સભ્ય હતા. તેઓશ્રીનું છુપું દાન. ગુરુભક્તિ અને ધર્મભાવના અનેરા હતાં. સહુ તેમના કાર્યની અનુમોદના કરેછે. તેઓશ્રીના આત્માને પરમ શાંતિ મળે તેવી પ્રાર્થના

---

અ. સૌ. લીલાવંતી મણિલાલ ફુલચંદ શાહ (ઉંમર વર્ષ ૬૮) તા. ૨૫-૧૦-૮૩ના રોજ સ્વર્ગવાસ થયા છે. આ સભાના તેઓશ્રી આ જીવન સભ્ય હતા. તેઓની ધાર્મિક ભાવના માટે અંજલી આપીએ છીએ

આ આત્માને પરમ શાંતિ મળે તેવી પ્રાર્થના કરીએ છીએ,

શ્રી હીરાલાલ ફુલચંદ શાહ ભાવનગરવાળા (ઉંમર વર્ષ ૮૩) તારીખ ૨૦-૧૧-૧૯૮૩ના રોજ ગદગસીટી મુકામે સ્વર્ગવાસી થયાછે. તેઓશ્રી ધાર્મિક વૃતિવાળા અને સરળસ્વભાવી હતા. તેઓશ્રી આસભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે તેવી પ્રાર્થના

---

# મુંબઇની સંયુકત વાર્ષિક જૈન ધાર્મિક પરીક્ષાઓ

ભારતના શહેરો અને ગામોમાં પ્રતિવર્ષ મુજબ જૈન ધાર્મિક શિક્ષણની ૭૮મી પરીક્ષાઓ રવિવાર, તા. ૨૨-૧-૧૯૮૪ના સંવત ૨૦૪૦ના પોષ વદ ૫ બપોરના ૧ થી ૪ ના સમય લેવામાં આવનાર છે,

ધાર્મિક શિક્ષણને પ્રોત્સાહિત કરવા શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ, શ્રી જૈન ધાર્મિક શિક્ષણસંઘ અને શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી દ્વારા સંયુકત રીતે વાર્ષિક પરીક્ષાઓ લેવામાં આવે છે. ઉચ્ચ ઈનામોનું આયોજન પણ કરેલ છે. આ અંગેના નિયત ફોર્મ મંગાવી તા. ૩૧-૧૨-૮૩ સુધીમાં નીચેના સ્થળે પહોંચાડવા.

**શ્રી જૈન શ્વેતાંમ્બર એજ્યુકેશન બોર્ડ**
ગોડિજી બિલ્ડીંગ, બીજે માળે, ૨૧૯, એ, કિકાસ્ટ્રીટ,
મુંબઇ-૪૦૦૦૦૨

For Private And Personal Use Only

# દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ટિ શલાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રીશષ્ટિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભક્તિ પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| શ્રીવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહઃ | ૨-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨-૦૦ |
| શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્રમ્ | ૧-૦૦ |
| આદર્શોપાધ્યાય | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ | ૩૫-૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| ન [illegible] ને [illegible]. | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કાવ્યસુધાકર | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૬ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે.સ્વ. પૂ. આ. શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ચાર સાધન | ૩-૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકુ બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સૂક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૩-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| આચારોપદેશ | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું ને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :— **શ્રી જૈન આત્માનંદ સભા** ખાર ગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

પોસ્ટેજ અલગ



તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર,

મુદ્રક શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.